## શહેરના કોહીનૂર સમાન

# સહજાનંદ ટેક્નોલોજી પ્રાઇવેટ લિમિટેડ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

**શહેરમાં** હીરા ઉદ્યોગમાં આધુનિક ક્રાંતિ લાવનાર અને હેલ્થ ક્ષેત્રે સતત કંઈક નવું યોગદાન આપનાર સહજાનંદ ગ્રુપ ઓફ કંપનીઝ દ્વારા આ તહેવારોની સિઝન દરમ્યાન રક્તદાન જેવી ઉદાહરણ રૂપ કામગીરી શરૂ કરીને શહેરમાં દાખલો બેસાડ્યો. તારીખ 9મી ઓગસ્ટ, 2014ના રોજ સહજાનંદ કેમ્પસ વેડ રોડ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના હીરા ઉદ્યોગના જાણીતા યુવા ઉદ્યોગ સાહસી ગિરિશ ગાબાણી હાજર રહ્યા હતા. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં લોકચક્ષુ બેંક તરફથી પ્રફુલ્લભાઈ શિરોયા પણ હાજર રહ્યા હતા. જેમણે સહજાનંદ ટીમ સાથે રક્તદાન અને અંગદાન વિશે વિગતવાર સમજ આપી હતી. સહજાનંદ ટેક્નોલોજી પ્રા. લિ. ના મેજેજીંગ ડિરેક્ટર શ્રી ધીરૂભાઈ વસોયા અને સીઈઓ શ્રી રાહુલભાઈ ગાયવાલાએ રક્તદાનની પહેલ કરીને બધા કર્મચારીઓને 3 મહિનામાં એક વાર તો અચૂક જ રક્તદાન કરવાની અપીલ કરી હતી. રક્તદાન એ જ સાચી ઉજવણી અને લોકોના જીવન બચાવવા માટેની ભાવના માટેની આ પહેલ તો હજુ શરૂઆત છે અને ભવિષ્યમાં પણ સહજાનંદ ગ્રુપ ખાતે આવી સરાહનીય પ્રવૃત્તિઓ થતી જ રહેશે તેમ જણાવ્યું હતું. શ્રી ધીરૂભાઈ વસોયા અને શ્રી રાહુલભાઈ ગાયવાલાની સાથે સાથે સહજાનંદના 100 જેટલા કર્મચારીઓએ પણ રક્તદાન કર્યું હતું. સહજાનંદ ગ્રુપ એ હીરા ઉદ્યોગની સાથે સાથે મેડિકલ ક્ષેત્રે પણ આગવું યોગદાન આપીને શહેરના હૃદયને હંમેશા ધબકતું રાખવાની કામગીરી કરી છે અને સતત કરતા રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ધર્મના આચરણ સાથે સાથે ટેક્નોલોજીના પથ પર વિકસી રહેલ સહજાનંદ ગ્રુપને તાજેતરમાં જ દિલ્હી ખાતે બ્રાંડ એક્સેલન્સ તરીકે એવોર્ડ એનાયત કરાયો હતો.

